પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૨ ૧૨ મે, ૨૦૧૮, શનિવાર ; વૈશાખ વદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**જસ્ટિસ જોસેફના નામ પર સહમતિ**

ચીફ જસ્ટિસ કે.એમ. જોસેફને સુપ્રિમ કોર્ટમાં પદોન્નત કરવા માટે પુર્નવિચાર થઈ શકે છે. તેમને પદોન્નત કરવા માટે બોલાવેલી બેઠકમાં તેમના નામની ભલામણ થઈ છે. કોલેજિયમ તેમનુ નામ સરકારમાં ફરી મોકલી શકે છે.

**મહારાષ્ટ્રના પૂર્વ એટીએસ પ્રમુખની આત્મહત્યા**

મહારાષ્ટ્રના પૂર્વ એટીએસ પ્રમુખ હિમાંશુ રોયે આત્મહત્યા કરી લીધી છે. તેમણે પોતાની સર્વિસ રીવોલ્વોરની મદદથી પોતાને ગોળી મારી લીધી છે.

**શ્રીદેવના મૃત્યુની તપાસ ફરી નહી થાય**

અભિનેત્રી શ્રીદેવીના મૃત્યુની સ્વતંત્ર તપાસ કરવાની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી દીધી છે. ફિલ્મમેકર સુનિલસિંહે આ અરજી દાખલ કરી હતી.

**હિમેશ રેશમિયા લગ્નગ્રંથિથી જોડાશે**

સોનમકપૂર અને નેહા ધૂપિયા બાદ સંગીતકાર હિમેશ રેશમિયા લગ્નગ્રંથિથી જોડાશે. તેઓ પોતાની મિત્ર સોનિયા કપૂર સાથે ગુજરાતી રીતીરિવાજથી લગ્ન કરશે.

**હવે એન્જિનિયરિંગનો અભ્યાસ હિંદી માધ્યમમાં પણ**

હવે અંગ્રેજીની સાથે ટેકનિકલ સંસ્થાઓને તેની સાથે જોડાયેલા કોર્સ હવે હિંદી માધ્યમમાં ભણાવવાની સ્વતંત્રતા મળશે. સરકારે તેને લઈને ટેકનિકલ સંસ્થાઓને આ સગવડ આપી છે.

# આજે કર્ણાટકમાં સુરક્ષા વચ્ચે મતદાન

**કુલ ૨૬૫૫ ઉમેદવાર : ચાર કરોડ ૯૬ લાખ મતદારો ઉમેદવારોના ભાવિનો ફેંસલો કરશે : શાતિપૂર્ણ મતદાનની ખાતરી કરવા માટે સાવચેતીના તમામ પગલાઓ લેવામાં આવ્યા : ૫૬ હજારથી વધારે મતદાન કેન્દ્ર બનાવાયા**



બેંગલોર,તા. ૧૧

અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા અને અનેક પ્રકારની અપેક્ષા વચ્ચે આવતીકાલે કર્ણાટક વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. આના માટે તમામ તૈયારી કરી લેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવને ટાળવા માટે પણ તમામ પગલા લેવામાં આવ્યા છે. કર્ણાટક ચૂંટણીમાં ૨૧૦ મહિલા ઉમેદવાર સહિત કુલ ૨૬૫૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ વખતે ૨૪૩૬ પુરૂષ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે. વર્ષ ૨૦૧૩માં ૨૭૮૮ પુરૂષ ઉમેદવારો મેદાનમાં હતા. વર્ષ ૨૦૧૩ની તુલનામાં આ વખતે ૩૫૨ ઉમેદવારો ઓછા છે. આ વર્ષે ચૂંટણી મેદાનમાં રહેલી મહિલા ઉમેદવારોની સંખ્યા ૨૧૯ છે. જે વર્ષ ૨૦૧૩માં ૧૭૦ હતી. છેલ્લી ચૂંટણીમાં મહિલા ઉમેદવારોની સંખ્યા ૪૯ વધારે છે. આ વર્ષે બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોના ઉમેદવારોની સંખ્યા ૮૦૦ જેટલી નોંધાઈ છે. જે વર્ષ ૨૦૧૩માં ૮૩૨ હતી. વર્ષ ૨૦૧૮માં ૧૧૫૫ અપક્ષ ઉમેદવારો તેમના ભાગ્ય અજમાવી રહ્યા છે જે સંખ્યા વર્ષ ૨૦૧૩માં ૧૨૨૩ જેટલી હતી. કુલ ૨૨૪ વિધાનસભા સીટ

● અનુસંધાન પાન-૭ પર

## આંધ્રપ્રદેશમાં અમિત શાહના કાફલા પર હુમલો,પત્થર ફેંકાયા



અમરાવતી,તા.૧૧

ભારતીય જનતા પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કાફલા પર હુમલો થયો છે. આ ઘટના તે સમયે બની જ્યારે અમિત શાહ કર્ણાટકમાં ચૂંટણી પ્રચાર સંપન્ન થયાના એક દિવસ બાદ તિરુમાલા મંદિરમાં પૂજા અને દર્શન માટે પહોંચ્યા હતા. ત્યાંથી પાછા ફરવા દરમિયાન કેટલાક લોકોએ તેમની સામે વિરોધ પ્રદર્શન કર્યુ. જણાવવામાં આવી રહ્યુ છે કે આ દરમિયાન અચાનક તેમની સામે નારેબાજી પણ કરવામાં આવી. કાળા વાવટા ફરકાવવામાં આવ્યા. વળી, સમાચાર એ પણ છે કે ભાજપ અધ્યક્ષને નિશાન બનાવીને પત્થર પણ ફેંકવામાં આવ્યા. આ દરમિયાન "અમિત શાહ ગો બેક" ના નારા પણ લગાવવામાં આવ્યા. જાણકારી મુજબ આ હુમલો તેલુગુદેશમ પક્ષના સમર્થકોએ આ કર્યુ છે.

આંધ્રપ્રદેશને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાની માંગ સતત જોર પકડી રહી છે. પ્રદેશમાં સત્તા સંભાળી રહેલ તેલુગુદેશમ પક્ષ સતત આ મુદ્દો ઉઠાવી રહ્યો છે. ટીડીપીએ આ મુદ્દા માટે કેન્દ્રમાં ભાજપના નેતૃત્વવાળા એનડીએ જોડાણથી પોતાને અલગ પણ કરી દીધુ છે. આ દરમિયાન ભાજપ અધ્યક્ષ અમિત શાહના કાફલા પર આંધ્રપ્રદેશમાં હુમલો થયો.

# નેપાળ-ભારત વચ્ચે ત્રેતાયુગથી સબંધ : મોદી

**વડાપ્રધાન બે દિવસના નેપાળ પ્રવાસે : જનકપુરના જાનકી મંદિરમાં પૂજા-અર્ચના કરી : બંન્ને દેશો 'રામાયણ' સર્કિટ બનાવવા માટે સાથે કામ કરશે : નેપાળ વગર ભારતનું ધામ પણ અધુરું અને રામ પણ : મોદી**



જનકપુર,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી શુક્રવારે પાડોશી દેશ નેપાળની મુલાકાતે પહોંચ્યાં છે. જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનનો આ પ્રવાસ બે દિવસનો છે. પોતાના આ પ્રવાસની શરૂવાત પીએમ મોદી જનકપુરના જાનકી મંદિરમાં પૂજા-અર્ચનાની કરી હતી. બાદમાં તેમણે અહીં હાજર લોકોને સંબોધન કર્યું હતું. સાથે જ તેમણે નેપાળના જનકપુરથી ઉત્તર પ્રદેશના અયોધ્યા સુધીને બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન બન્યા પછી નેપાળનો આ ત્રીજી મુલાકાત છે.

● અનુસંધાન પાન-૭ પર

## લાલૂના અંતે છ સપ્તાહ માટે જામીન મંજુર કરાયા

**આજે લાલૂના પુત્ર તેજપ્રતાપના લગ્ન : જામીન દરમિયાન લાલૂ પ્રસાદ યાદવ પત્રકારો, નેતાઓને મળી શકશે નહીં**

પટણા, તા. ૧૧

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને રાંચી હાઈકોર્ટ દ્વારા છ સપ્તાહ માટે જામીન આપી દેવામાં આવ્યા છે. આની સાથે જ ઘાસચારા કૌભાંડ કેસોમાં અપરાધી જાહેર થયેલા લાલૂ પ્રસાદ યાદવને આંશિક રાહત થઈ છે. બિહારના પીઢ રાજકારણીને કામચલાઉ જામીન મેડિકલ આધાર પર મંજુર કરવામાં આવ્યા છે. ઘાસચારા કૌભાંડ કેસમાં સજા ભોગવી રહેલા રાષ્ટ્રીય જનતા દળના વડા લાલૂ યાદવને ગુરુવારના દિવસે ત્રણ દિવસ માટે પેરોલ મળી ગયા હતા. તેમના પુત્ર તેજપ્રતાપ યાદવના લગ્નમાં હાજરી આપવા તેમને જામીન આપવામાં આવ્યા હતા. બિહારના પૂર્વ પ્રધાન દરોગાપ્રસાદ રાયની પૌત્રી એશ્વર્યા રાય સાથે તેજપ્રતાપ યાદવના લગ્નને લઈને લાલૂને પેરોલ મંજુર કરવામાં આવ્યા હતા. જેલ ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ હર્ષ મંગલાએ માહિતી આપતા કહ્યું છે કે, આરજેડીના નેતાને પેરોલ આપવામાં આવ્યા છે. જો કે, લાલૂ પર કેટલાક નિયંત્રણો લાગૂ કરવામાં આવ્યા છે. પેરોલ પર જેલની બહાર રહેવાના ગાળા દરમિયાન લાલૂને આ તમામ શરતો પાળવી પડશે. લાલૂ યાદવ આ ગાળા દરમિયાન મિડિયા સાથે વાત કરી શકશે નહીં. તેમની હિલચાલ ઉપર નજર રાખવામાં આવશે. વિડિયો ઉપર રેકોર્ડિંગ કરવામાં આવશે. સુત્રોએ કહ્યું હતું કે, પૂર્વ મુખ્યમંત્રીના વિસ્તારમાં જવા માટે કોઈ રાજકારણી, કોઈ પાર્ટી વર્કરો અને પત્રકારોને મંજુરી આપવામાં આવશે નહીં.પટણામાં આવતીકાલે એશ્વર્યા રાય સાથે લાલૂના પુત્ર તેજપ્રતાપના લગ્ન છે.

## બ્લેકમની એક્ટ હેઠળ ચિદમ્બરમ સામે આખરે ચાર્જશીટ દાખલ

**પૂર્વ નાણામંત્રી ઉપરાંત પરિવારના સભ્યો પણ સકંજામાં આવ્યા : વિદેશમાં રહેલી તમામ સંપત્તિના સંદર્ભમાં માહિતી જાહેર નહીં કરવા બદલ ચિદમ્બરમ ઉપરાંત તેમના પત્નિ નલિની, પુત્ર કાર્તિ સામે ચાર્જશીટ દાખલ**



ચેન્નાઈ, તા. ૧૧

ઈન્કમટેક્સ વિભાગે બ્લેકમની એક્ટ હેઠળ પૂર્વ કેન્દ્રીયમંત્રી પી ચિદમ્બરમ, તેમના પત્નિ નલીની, પુત્ર કાર્તિ અને ડોટર ઈનલો શ્રીનિધી સામે ચાર ચાર્જશીટ દાખલ કરી દીધી છે. તેમની વિદેશી સંપત્તિ જાહેર નહીં કરવા બદલ બ્લેકમની એક્ટ હેઠળ તેમની સામે આ ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટ દાખલ કરવામાં આવતાની સાથે જ પૂર્વ નાણામંત્રીની તકલીફ વધારો થયો છે. પ્રોસીક્યુશન ફરિયાદ અથવા તો ચાર્જશીટ બ્લેકમનીની કલમ ૫૦ અને ટેસ્ટ એક્ટ ૨૦૧૫ની જોગવાઈ હેઠળ ચેન્નાઈમાં ખાસ અદાલત સમક્ષ વિભાગ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## બડગામ પોલીસ ચોકી પર આતંકવાદી હુમલો

શ્રીનગર,તા. ૧૧

જમ્મુ કાશ્મીરના બડગામમાં ત્રાસવાદીઓએ એક પોલીસ ચોકી ઉપર હુમલો કરી દેતા એક પોલીસ જવાન શહીદ થયો હતો. ત્રાસવાદીઓ સામે હાલમાં ઓપરેશન ઓલઆઉટ જોરદારરીતે ચલાવવામાં આવી રહ્યું છે. આવી સ્થિતિમાં ત્રાસવાદીઓ સામે જોરદાર જંગ છેડાયેલી છે. આવી સ્થિતિમાં ત્રાસવાદીઓ પણ પરિસ્થિતિનો લાભ ઉઠાવવાના પ્રયાસો કરી રહ્યા છે. પોલીસ ચોકી ઉપર હુમલો કરવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓના પ્રયાસને નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો હતો. જો કે, અથડામણમાં એક પોલીસ જવાન શહીદ થયા હતા. મધ્ય કાશ્મીરના બડગામ સ્થિત વાડવાનમાં પોલીસ ચોકી ઉપર પાંચથી છ ત્રાસવાદીઓ સામે હુમલો કરવામાં આવ્યો હતો. ચોકીમાં રહેલા પોલીસ જવાનોએ ત્રાસવાદીઓના હુમલાનો જોરદાર જવાબ આપ્યો હતો. પરિસ્થિતિનો લાભ લઈને ફરાર થઈ ગયા હતા. આ અથડામણમાં એક પોલીસ જવાનને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તબીબો પોલીસ જવાનને બચાવવામાં સફળ રહ્યા ન હતા.

આપને આંગણે આવ્યો અવસર ખાસ
ઉજવણીમાં ભરીશું
અમે પ્રેમની મીઠાશ
હરેક પ્રસંગની યાદગાર ઉજવણી માટે
ભવ્ય બેન્કવેટ હોલ અને પાર્ટી પ્લોટ આપની નજીક
રાધે બેન્કવેટ હોલ
• ૭૦ થી ૮૦ વ્યક્તિની ક્ષમતા
• આધુનિક સુવિધાથી સજ્જ
• આકર્ષક એમ્બિયન્સ
• કેટરિંગ સુવિધા ઉપલબ્ધ
કેશવમ્ પાર્ટી પ્લોટ
• ૨૦૦ થી ૨૫૦૦ વ્યક્તિની ક્ષમતા
• આકર્ષક એન્ટ્રી અને આધુનિક સુવિધાવાળુ સ્ટેજ
• વિશાળ રમણીય ગાર્ડન
• આઉટસાઇડ કેટરિંગ આવકાર્ય
મહેંદી | સંગીત | રિંગ સેરેમની | લગ્ન | રિસેપ્શન | બર્થ ડે
બેબી શાવર | એનિવર્સરી | ગેટ-ટુ-ગેધર | કોર્પોરેટ ઇવેન્ટ
રાધે બેન્કવેટ હોલ: ૨૦૫, ડીસ્ટ્રીક્ટ શોપિંગ સેન્ટર, સેક્ટર ૨૧, ગાંધીનગર
સંપર્ક: ૭૬૯૮૦ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૦
કેશવમ પાર્ટી પ્લોટ: પેથાપુર-મહુડી રોડ, પેથાપુર
સંપર્ક: ૯૮૨૫૪ ૫૦૧૧૧ | ૯૯૦૯૯ ૫૫૬૫૫
રાધે
Prem Ni Mithaas
Buy Sweets Online on premnimithaas.com
www.purplephase.in





ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

શિવાલય ફાર્મ & પાર્ટી પ્લોટ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ ડે પાર્ટી, ગેટ ટુ ગેધર તથા શુભ પ્રસંગ માટે
તમામ પ્રકારના પ્રસંગો માટે વિશાળ ૧,૨૫,૦૦૦ સ્કવેરફુટનો મેકશીકન લોન એરીયા
સિદ્ધી વિનાયક ફાર્મ & પાર્ટી પ્લોટ
૧૫૦૦ મહેમાનોની ક્ષમતા વાળો પાર્ટીપ્લોટ, ૫૦૦૦૦ સ્કવેરફુટ લોન એરીયા
ક-૭, રાંધેજા રોડ, વસંત વગડાની સામે, ગાંધીનગર.
www.shivalayfarm&partyplot.com | shivalayfarm&partyplot@gmail.com
શિવમ્ કેટરર્સ એન્ડ રાજેશ્વરી ગ્રુપ & ઈવેન્ટ્સ
૧૦૦૦ થી ૮૦૦૦ મહેમાનોની ક્ષમતા વાળો વિશાળ પાર્ટી પ્લોટ
ડિઝાઈન થીમ ડેકોરેટીવ એન્ટ્રી વિથ ફ્લાવર
વર-કન્યા પક્ષ માટે એ.સી. રૂમોની સગવડ
૮૦૦ થી વધારે કાર માટે પાર્કીંગ વ્યવસ્થા
ગાંધીનગર શહેરથી તદ્દન નજીક
અદ્યતન કિચન વ્યવસ્થા
બુકિંગ ચાલુ છે
આ બધી સુવિધા અમારા પાર્ટી પ્લોટના પેકેજમાં મળશે.
વાઘેલા ઘનશ્યામસિંહ એમ. 98250 22173 | વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. 98256 04575 | ચાવડા અનિરુદ્ધસિંહ 98981 85149
ક-૭, રાંધેજા રોડ, મનાવા પેટ્રોલિયમની બાજુમાં, ગાંધીનગર